# શહેરના ૨૬ સર્કલોની મરામતનું કામ શરૂ

## વાઇબ્રન્ટ પુર્વે સર્કલોની સુંદરતા નિખરશે : શહેરના સર્કલોને નિખારવા માટે જવાબદાર સંસ્થાઓને કામ સોંપાયુ

ગાંધીનગર તા ૯

શહેરના સર્કલોની યોગ્ય જાળવણીનુ કામ શરૂ કરી દેવાયુ છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા સર્કલોની જવાબદારી સંભાળતી સંસ્થાઓને તંત્ર દ્વારા સર્કલોની દરકાર લેવા સુચના આપી દેવાઈ છે. હાલ શહેરના સર્કલોને યોગ્ય કરવા માટેનુ કામ ચાલી રહયુ છે. શહેરના ૨૬ સર્કલો પૈકી ૭ મહાનગરપાલિકાને સોંપી દેવાયા છે. જયારે સર્કલોને વાઈબ્રન્ટ લુક આપવાની મથામણ શરૂ કરી દેવાઈ છે.

ગાંધીનગરના રોડ નેટવર્કને અનુલક્ષી દાયકાઓ પુર્વે શહેરના મુખ્ય માર્ગો પર સર્કલોનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જયારે સમય જતા આ સર્કલોને વિશિષ્ટ રીતે વિકસાવવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના અંતે શહેરના મુખ્ય માર્ગો સહીત અન્ય સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસિત અને સુશોભિત કરવામાં આવ્યા હતા. જયારે આ સર્કલો વિકસાવાની જવાબદારી સંસ્થાઓને સોંપવામાં આવી હતી. સર્કલ વિકાસના અંતે નગરના માર્ગોનો પણ નઝારો બદલાઈ ગયો છે. જયારે નવા અસ્તિત્વમાં આવેલા સર્કલોને ડેવલપ કરવાની જવાબદારી પણ સંસ્થાઓને સોંપવામાં આવી હતી. સર્કલ વિકાસના મામલે જાણીતી સંસ્થાઓએ રસ દાખવતા લાખો રૂપિયાના ખર્ચે સર્કલોમાં નયનરમ્ય નઝારો ઉભો કરાયો છે. જયારે સંસ્થા દ્વારા વિકસાવેયલા સર્કલોની જાળવણી પણ સંબંધિત સંસ્થાઓને જ સોંપવામાં આવી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરના સર્કલોની હાલત બદતર જોવા મળી રહી છે. અકસ્માતોનો ભોગ બનેલા સર્કલોમાં રખડતા ઢોર ફરતા પણ નજરે જોવા મળે છે. જયારે યોગ્ય જાળવણીના અભાવે સર્કલોની સુંદરતા ઓસરતી જતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. શહેરના અંદાજિત ૨૬ સર્કલો પૈકી ૭ સર્કલોની જવાબદારી મહાનગરપાલિકાને સોંપવામાં આવી છે. જયારે અન્ય સર્કલો માર્ગ મકાન વિભાગ દ્વારા જુદી જુદી સંસ્થાઓને નિભાવવા માટે આપવામાં આવ્યા છે. દર વખતે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરના સર્કલોની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે છે. જેના અંતે આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ હાલ સર્કલોની જાળવણીનુ કામ શરૂ કરી દેવાયુ છે. શેહરના મુખ્ય માર્ગો સહીત અન્ય માર્ગો પર સ્થિત સર્કલોને પણ શણગારવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. સર્કલોમાં સ્થિત બગીચાઓની હરિયાળી નિખારવા માટે તેમજ બ્યુટીફિકેશનનુ પણ આયોજન કરી દેવાયુ છે. શહેરના તમામ સર્કલોને શણગારવા તેમજ યોગ્ય કરવા માટે જવાબદાર સંસ્થાઓને તંત્ર દ્વારા સુચના આપી દેવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન, પાણીપુરી પચાસની ખાવી હોય તો આધારકાર્ડ લાવો, સોની કરવાની હોય તો પાન કાર્ડ અને આઈટી રીટર્ન જોઈશે....

# આવતીકાલથી જિલ્લામાં ૨૨ સ્થળોએ શાકભાજી-ફળોના વેચાણકેન્દ્રો ઉભા કરાશે

ગાંધીનગર જિલ્લાનાં નાગરિકોને શાકભાજી અને ફળોનું વેચાણ ખેડૂતો દ્વારા થાય અને ગ્રાહકોને તેનો સીધો લાભ મળે તેવી હંગામી ખેડૂત ગ્રાહક બજાર વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જિલ્લામાં કુલ ૨૨ સ્થળોએ ૧૧મી ડિસેમ્બર રવિવારથી દર રવિવારે સવારથી સાંજના ૪ વાગ્યા સુધી વેચાણ કરાશે. વ્યવસ્થાના ભાગરૂપે ગ્રાહકોને તાજી વ્યાજબી ભાવે શાકભાજી મળશે.

હંગામી ખેડૂત ગ્રાહક બજાર વ્યવસ્થામાં ગાંધીનગર ખાતે સે. ૨૧ શાક માર્કેટ બહારની બાજુએ પાર્કિંગ વિસ્તાર જીમખાનાની પાછળ, સે. ૨૨ પંચદેવ મંદિરની બાજુમાં, સે. ૨૪ હોલસેલ માર્કેટની જમણી બાજુમાં, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ શાકભાજી બજાર કુડાસણ, પોર રોડ, સે. ૭ શોપીંગ સેન્ટરની બાજુમાં, અક્ષરધામ સામે ડી.આર.ડી.એ.ના સ્ટોલ, કલોલ ખાતે શારદા સર્કલ પાસે વખારીયા નગર, એ.પી.એમ.સી. શાક માર્કેટની બાજુમાં, ગેબનશાહ દરગાહ સામે, નગર પાલિકાની કચેરી સામે, ખૂલ્લા ખાનગી પ્લોટમાં, હનુમાનજી મંદિર પાસે, મોટા સ્વામીનારાયણ તરફનો રોડ, પંચવટી, માણસા ખાતે એ.પી.એમ.સી. નવા માર્કેટ યાર્ડ દરવાજા બહાર ગાંધીનગર રોડ, એ.પી.એમ.સી. શાક માર્કેટ કલોલ રોડ, કોમ્યુનીટી હોલની બહાર તખતપુરા, ચંદ્રાસર સર્કલ, ચંદ્રાસરની ફરતે, સીવીલ હોસ્પિટલ સામે, મળાવ તળાવની ફરતે, વિજયનગર રોડ, સતીવડ ચોક, તખતેશ્વર રોડ, પેથાપુર ખાતે ગાંધીનગર મહુડી રોડ, ચરેડી ચાર રસ્તાથી પેથાપુર ચાર રસ્તા વચ્ચે, પેથાપુર ચાર રસ્તાથી પેથાપુર મુખ્ય રસ્તા ઉપરની ખુલ્લો પ્લોટ, જયારે દહેગામ ખાતે ઔડા ગાર્ડન પાસે તથા પંચવટી ગેસ સામે, દહેગામ ખાતેના સ્થળો ઉપરથી પ્રજાજનો હંગામી ખેડૂત ગ્રાહક બજાર વ્યવસ્થાનો લાભ લઈ શકશે.



ગાંધીનગર જિલ્લાના ૬૦૦ જેટલા શિક્ષકોને આજે ઈ.બેંકીંગ અને ડીઝીટલ પેમેન્ટ અંગેની એક દિવસીય તાલિમ બી.આર.સી. ભવન ખાતે આપવામાં આવી હતી. આ તાલિમમાં જિલ્લાના ચારેય તાલુકાના શિક્ષકો હાજર રહ્યા હતા. આવો વર્કશોપ અગાઉ તલાટી માટે યોજવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે. આ ઉપરાંત ઈ.પેમેન્ટ માટે હવે ઈ.ગ્રામ કેન્દ્રના ઓપરેટરો દ્વારા પણ ગ્રામજનોને આની સમજ આપવાના કાર્યક્રમો હાલ ગતિમાં છે જે નોંધનીય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦ હજારથી વધુ લોકોને ઈ.પેમેન્ટ અંગેની સમજ આપી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# પિકનિકમાં ગિટારના તાલે નૃત્ય કરી માનસિક દિવ્યાંગો ઝુમી ઉઠયાં

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરની હેત ફાઉન્ડેશન સંસ્થા માનસિક દિવ્યાંગ બાળકો માટે કાર્યરત છે. આ સંસ્થા દ્વારા તા. ૮મી ડિસેમ્બરે ''વિશ્વ માનસિક દિવ્યાંગ દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માનસિક દિવ્યાંગ બાળકોને સે. ૨૮ના બગીચાની મુલાકાતે લઈ જવાયા હતા તથા તેમને વિવિધ મનોરંજન પુરૂ પાડવામાં આવ્યું હતું.

ગાંધીનગરના માનસિક દિવ્યાંગ બાળકોએ સેક્ટર-૨૮ના બગીચામાં વિવિધ રાઈડ્સનો રોમાંચ ઉલ્લાસનો માહોલ છવાઈ ગયો હતો. કાર્યક્રમના અંતમાં સે. ૭ના યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સત્ય સાઈબાબાના પ્રસાદની વહેંચણી માનસિક દિવ્યાંગ બાળકોના હસ્તે કરાવી બાળકોને સેવાકાર્યનો મોકો પણ પુરો પાડવામાં આવ્યો હતો. હેત ફાઉન્ડેશન સંસ્થાના સંચાલક પ્રમુખ મીરાંબેન ગઢવીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમથી માનસિક દિવ્યાંગ બાળકોના ચહેરા પર જે ખુશી આવી છે તેજ કાર્યક્રમની સફળતા દર્શાવે છે, અમો માનસિક દિવ્યાંગ બાળકો પણ અન્ય સામાન્ય બાળકોની જેમ પિકનિક તથા સંગીત અને

**મીરાંબેન ગઢવીની હેત ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સે. ૨૮ના ગાર્ડન ખાતે ''માનસિક દિવ્યાંગ દિન'' ઉજવાયો**



માણવા સાથે શહેરના ગિટારિસ્ટ્સ અર્પિત રાવલ તથા નસીરૂદ્દિન મોમિન દ્વારા કરાયેલ ગિટાર વાદનનો પણ આનંદ માણ્યો હતો. ગિટારવાદન દરમ્યાન આ બાળકોએ ગીતો ગાઈને ડાન્સ કરતા કરતા આનંદ-કિલ્લોલ કર્યો હતો. બાળકોના ચહેરા પર ખુશી અને અન્ય પ્રવૃત્તિઓનો પણ આનંદ માણે તે માટે સતત પ્રયત્નશીલ છીએ. આ કાર્યક્રમની સફળતાનો શ્રેય બાળકો તથા તેમના વાલીઓ અને અમારી સંસ્થાના સેવાભાવી કર્મચારીઓના ફાળે જાય છે. જેમણે આ દિવસને યાદગાર બનાવવા ખૂબ જહેમત ઉઠાવી છે.

# શહેરના માર્ગોને નિખારવા માટે રોડ ફર્નિચર પાછળ ૩૧ લાખનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૯

શહેરના માર્ગોની સુધારણાની સાથે રોડ ફર્નિચરનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં માર્ગોની સુધારણા માટે વિવિધ કામોને મુજુરી આપવામાં આવી છે. જયારે માર્ગો પર રાત્રિના સમયે ચમકતી કેટઆઈ, મીડિયમ માર્કર તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા કરવા માટે પણ અંદાજિત રૂ ૩૧ લાખનો ખર્ચ થશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના માર્ગોની સિકલ બદલાઈ જશે.

શેહરમાં માર્ગોની સુધારણા માટેની દરખાસ્તો હજુ પણ વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. જો કે હાલ ખ માર્ગનુ કામ ચાલી રહયુ છે. જયારે કોબા હાંસોલ માર્ગનુ પણ નવિનીકરણ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ચ માર્ગનુ કામ હાલ હાથ ન ધરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે તંત્ર દ્વારા આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ રોડ ફર્નિચરનુ કામ હાથ ધરવાનુ આયોજન કરી દેવાયુ છે. જેમાં ગત વાઈબ્રન્ટની સાપેક્ષમાં ખર્ચ ઓછો કરવાનો નિર્ણય લેવાયો છે. જરૂર પુરતા કામોને જ મંજુરી આપવામાં આવી છે. જયારે બ્યુટીફિકેશનની કામગીરી ઉપર પણ કાપ મુકવામાં આવ્યો છે. હાલ શહેરની ફુટપાથ તેમજ સેન્ટ્રલ વર્જનુ રંગરોગાન કરવામાં આવી રહયુ છે.

જયારે શહેરના માર્ગોનુ પણ બ્યુટિફીકેશન હાથ ધરવામાં આવશે. જેમાં ખ માર્ગનુ કામ પુર્ણ થતાની સાથે રોડ ફર્નિચરનુ કામ પણ પુર્ણ કરી દેવાશે. જયારે શહેરના મુખ્ય ચ, ઘ, તેમજ રોડનં ૪ એ, બી અને સચિવાલયના ગેટ નં ૨ અને ૩ પાસેના માર્ગ પર કેટ આઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવાશે.

જયારે શહેરના માર્ગોપર કેટઆઈ તેમજ મિડીયમ માર્કર પણ લગાવાશે. ગત વાઈબ્રન્ટ દરમિયાન શહેરમાં રસ્તાઓને નિખારવા માટે અંદાજે રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. ટુંકમાં જ શહેરના માર્ગોની સુંદરતા નિખારવા માટે કામ શરૂ કરી દેવાશે.

